સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

આપણા નિર્દયી નેતા પશુનું ઘાસ ખાઈ જાય છે,
હેરાફેરીમાં ગરીબોનું રાશન ખાઈ જાય છે,
ખાઈ જાય છે લોખંડી હૈયાં સુરક્ષા શસ્ત્રો પણ -
બોફોર્સ તોપો ને રાફેલ વિમાનો પણ ખાઈ જાય છે.
(જેના હાથમાં સત્તા તેના મોઢામાં મલાઈ)

હાઈકુ

મારું મીશન
ખાઉં ન ખાવા દઉં!
દલાલી છૂટ!
(કમીશન કૌભાંડો)

ખખડધજ
ખરીદીના વિમાનો
ઉડતાં નથી!
(કમીશનનો ભાર લાગે છે)

ચિંતન

छिन्नो अपि रोहति तरुः क्षीणो अपी हैयचीयते पुनश्चंद्रः ।
ईति विमृशन्तः संतः संतप्यन्ते न ते विपदा ॥

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

વૃક્ષોને કાપવા છતાં તે ફરીથી; વારંવાર ઊગે છે, ચંદ્ર ઘટવા છતાં ફરીથી તેની કળાઓ પૂર્ણિમા સુધી ફરી ફરી વધે છે. આમ વિચારીને જ સજ્જન લોકો આફત આવે ત્યારે વ્યથિત થઈ જતા નથી.

એક કહેવત છે કે આજ ઉગી છે એની કાલ નહીં ઊગે. અર્થાત્ આજે જે સુખ છે તે આવતીકાલે રહેવાનું નથી. એવી જ રીતે આજે જે દુઃખની પરિસ્થિતિ છે તે પણ આવતીકાલ સુધી પહેરવાની નથી. પરિસ્થિતિ, સમય, સંજોગ, પરિવર્તનશીલ છે પૈડાના આરાની જેમ. ચંદ્ર ઉપર-નીચે જાય તેમ પરિસ્થિતિ સુખદ-દુઃખદ થયા કરે છે.

સજ્જન બુદ્ધિશાળી વ્યક્તિઓ આ વાત બરાબર સમજે છે કે હાલ આપણો સમય સારો નથી કે અત્યારે આપણી 'કાની' કામ કરે છે ત્યારે કામ ન કરવા જેવા નથી કરતાં કે કરવા જેવા કામ તાત્કાલિક કરી નાખે છે.

દિવસ બધાના એક સરખા રહેતા નથી. ચડતી પડતીના વારા આવતા જ જ રહે છે. તેથી સમજુ વ્યક્તિએ 'ધીરજ' ધરવી જોઈએ.

સુવિચાર

- અગર પાના હૈ મંઝિલ કો, અપના રહનુમા ખુદ બનો,
  વો અકસર ભટક જાતે હૈ, જિન્હેં સહારે મિલ જાતે હૈ - **બી.એન. દસ્તુર**
- જવાબદારી, સમજદારી, ઈમાનદારી અને
  બહાદુરી આ જીવનરુપી મહેલનાં ચાર સ્તંભ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મગજ શાંત હશે, દિલમાં દયાભાવ હશે, બોલી નરમ હશે,
  આંખોમાં શરમ હશે, તો દુનિયા તમારી જ છે - **ભૂપત વડોદરિયા**
- તારા સુખની મહેફિલમાં તું સહુને નોતર જે...
  જમી જજે આંસુનો થાળ તું એકલો ... - **પુનિત મહારાજ**
- 'ઉત્સાહ' વિનાની આવડત નકામી છે, પરંતુ આવડત વિનાનો ઉત્સાહ પણ જોખમી છે - **સંત ફ્રાન્સીસ**
- વિચાર, વાણી અને વર્તનના ત્રિવેણી સંગમથી જ સદ્‌ગુણોનો બાગ મહેકે છે - **માનસગંગા**
- આજનું ઔષધ : દારુડીના મૂળને અજમા સાથે પાણીમાં ઉકાળી સવાર સાંજ વીસ મિલિ ઉકાળો પીવાથી ગેસ અને કબજિયાત પંદર દિવસમાં મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક યુવાને એક વિદ્વાન સંતને મળીને કહ્યું, 'મારી પાસે સુખ સુવિધાના તમામ સાધનો હોવા છતાં નિરાશા અને હતાશા થાય છે. સતત કંટાળો લાગે છે આ દૂર કરવાનો ઉપાય બતાવો.' વિદ્વાન સંતે કહ્યું, 'ભાઈ, ઉચાટ તમારી પાસે જ છે અને તમે ઉપાય જાણવા માટે ભટકી રહ્યા છો.' યુવાને કહ્યું, 'યુવાને કહ્યું, 'અરે, મોબાઈલ વગર કેવી રીતે જીવી શકાય ? હું એક નહીં બે મોબાઈલ રાખું છું.' સંતે કહ્યું, 'આ તમારા મોબાઈલમાં કોઈના મેસેજ આવે તો પછી તમે શું કરો ? એ બધા મેસેજને સાચવીને રાખો ખરા ?' યુવાને કહ્યું, 'ના મહારાજ, બધા જ મેસેજ કંઈ કામના નથી હોતા અમુક તો સાવ ફાલતું હોય તો મિત્રોને ફોરવર્ડ કરું અને કેટલાક મેસેજ તો બોધ આપવા વાળા હોય તો તેને સાચવીને રાખું છું અને નવરાશના સમયે એને વાંચુ છું.' સંતે કહ્યું, 'ભાઈ, આ મેસેજની જેમ આપણા જીવનમાં પણ રોજ-બરોજ અનેક ઘટનાઓ બનતી રહે છે. જે ઘટનાઓ સાવ ફાલતુ હોય તેને તુરંત ડીલીટ કરી દેવી. જે ઘટના સારી હોય એ આપણી પૂરતી મર્યાદીત ન રાખતા મિત્રો વચ્ચે વહેંચવી અને કેટલીય ઘટનાઓ એવી હોય કે જેને હૃદયનાં ઊંડા ખૂણે સાચવીને રાખી મૂકવી અને નવરાશના સમયે એને વાગોળવી.' યુવાને સંતને બે હાથ જોડી સૂચના પ્રમાણે વર્તન કરી હતાશામાંથી બહાર આવા કમર કરી.

સાયરાબાનુ : સતી સન્નારીનું નરવું ગરવું દૃષ્ટાંત

તંત્રીસ્થાનેથી...

વીતેલા જમાનાના મહાનાયક દિલીપકુમારની વિદાય સાથે જ એ સમયગાળાની સૌંદર્યવાન અભિનેત્રીઓનું પણ સ્વાભાવિક રીતે જ સ્મરણ થાય. મધુબાલા, નરસીગ અને મીનાકુમારી પછી વહીદા રહેમાન, વૈજયંતી માલા, નૂતન, આશા પારેખ, સાધના અને સાયરાબાનુ ઉપરાંત શર્મીલા ટાગોરનું ફિલ્મક્ષેત્રે ઘણું મૂલ્યવાન પ્રદાન રહ્યું છે. સાયરાબાનુ એમના સમયગાળાનાં સૌથી સુંદર અભિનેત્રી હતાં. અભિનયમાં વહીદા કે શર્મીલા જરૂર ચઢી જાય, પણ રૂપ રૂપના અંબાર સમાં સાયરાને રૂપેલી પડદે જોવાં એ પણ એક લહાવો હતો. સાઠ-સિત્તેરની એ ફિલ્મોમાં 'પૂરબ અને પશ્ચિમ' જેવી એક ફિલ્મ પણ બની હતી જેમાં સાયરાએ પાશ્ચાત્ય યુવતીનું પાત્ર બખૂબી નિભાવી જાણ્યું હતું. મનોજકુમાર સાથેની એ ફિલ્મમાં જે ભારતીય સંસ્કૃતિનો સંદેશ હતો તે અક્ષરશઃ સાયરાબાનોના અંગત જીવનમાં સાંગોપાંગ ઊતરેલો જોઈ શકાય છે. છેક કુમળી વયથી પોતાનાં કરતાં ૨૨ વર્ષ મોટા હીરોના પ્રેમમાં પડી એમની સાથે જિંદગી જીવવાનાં સપનાં જોતાં સાયરાબાનુનું સપનું આખરે એમની ૨૨ વર્ષની વયે સાકાર થયું હતું. ત્યારે દિલીપકુમાર ૪૪ વર્ષના હતા. મધુબાલા સાથેની કૂણી લાગણી એના પિતાની નારાજગીને કારણે નિકાહમાં ન પરિણમી શકી એ પછી દિલીપકુમાર મોટી ઉંમર સુધી અપરણિત રહ્યા હતા અને એકાએક પોતાનાથી અડધી ઉંમરની ચુલબુલી પ્રેયસી સાથે નિકાહ પછી લઈ એમના વિશાળ પ્રેક્ષક સમુદાયને આશ્ચર્યમાં મૂકી દીધો હતો. સાયરાબાનુએ એક આદર્શ ભારતીય નારીને છાજે એ રીતે વરિષ્ઠ અભિનેતાનો પડછાયો બનીને જીવવાનો સંકલ્પ કર્યો અને એ એમના છેલ્લા શ્વાસ સુધી નિભાવી જાણ્યો. સ્વરકિન્નરી લતા મંગેશકરે દિલીપકુમારના નિધન પછી આપેલું નિવેદન કેટલું સચોટ છે! સાયરાબાનુ જેવી પતિવ્રતા સ્ત્રી પોતે જિંદગીમાં જોઈ નથી એવું 'ભારત રત્ન' લતાજી કહે ત્યારે એ ઠાલી પ્રશંસા નથી. સાયરાબાનુએ દિલીપકુમારને સાચવવા જ અવતાર લીધો હોય એમ ઉદાર દિલના શૌહરે ફિલ્મોમાં કામ કરવાની છૂટ આપી હોવા છતાં એ ગ્લેમર વર્લ્ડથી પડદો કરી દીધો અને આજીવન એક શ્રેષ્ઠ ગૃહિણી બની રહ્યાં. દિલીપકુમારની માંદગી વખતે સાયરા બાનુ એમને એક પળ પણ સૂના નહોતાં મૂકતાં. દર વખતે એમને શ્રેષ્ઠ સારવાર અપાવી સાજા-તાજા કરી ઘરે પાછા લાવતાં. છેલ્લે જયારે નિયતિએ દિલીપકુમારની લાંબી જિંદગી પર પૂર્ણવિરામ મૂક્યું ત્યારે એ કોઈ પણ પતિઘેલી પત્ની ક્રુસકે ક્રુસકે રડી પડે એમ એમના ચહેરા પર મોં ઢાળીને રડી પડ્યાં હતાં. સૌથી ઊંચી વાત તો બીજી જ હતી. આ વિશિષ્ટ ફિલ્મી યુગલના પ્રણયકાળમાં એક ફાંસ પણ આવેલી. દિલીપકુમાર સાયરાને માતા ન બનાવી શક્યા એટલે એમને પાકિસ્તાનની સૌંદર્યસામ્રાજ્ઞી સાથે નિકાહ પણ પઢી લીધા હતા. જો કે એ સંબંધ લાંબો નહોતો ચાલી શક્યો. સંતાન વગરનું સુદીર્ઘ દાંપત્ય પણ રળિયામણું હોઈ શકે એનું શ્રેષ્ઠ ઉદાહરણ દિલીપ-સાયરાનું લગ્નજીવન છે. સાયરાબાનુને કોઈએ સવાલ કર્યો કે સંતાન વગરનું જીવન કેવું લાગે છે? ત્યારે જરાય વિલંબ કર્યા વગર આ એક સમયની સૌથી રૂપગર્વિતા અભિનેત્રીએ જવાબ આપેલો : દિલીપ સા'બ પોતે જ બાળક જેવા છે. એટલે એમને કયારેય બાળકની ખોટ નથી વરતાઈ. આવી અંગત કરુણતાને પણ પ્રસન્નતાપૂર્વક જીરવી - જોગવી એક ન ભૂતો ન ભવિષ્યતિ પ્રકારની કલાકાર હસ્તીને છેલ્લા શ્વાસપર્યંત વફાદારીપૂર્વક સાચવી - સંભાળીને સાયરાબાનુએ સતીત્વનું એક અદ્‌ભૂત ઉદાહરણ પેશ કર્યું છે. સતીઓ ફક્ત પ્રાચીન કાળમાં અને સનાતન ધર્મમાં જ થાય એવું થોડું હોઈ શકે? અમેરિકાનાં પૂર્વ ફર્સ્ટ લેડી હિલેરી ક્લિન્ટન અને આપણાં આ સાયરાબાનુ આધુનિક સતીઓ જ છે.

કોરોનામાં C.T.Value શું છે ??

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

આજે ડાહ્યાલાલ થોડા બેચેન હતા, પણ ગાંડાલાલ બોલીંગ કરવાનાં મૂડમાં હતા. ગાંડાલાલ બોલ્યા, આજે તો હું બહું સારા મૂડમાં છું. ભલભલાની ડાંડી ગુલ કરી નાખીશ. કારણ કે હું વાંચીને આવ્યો છું. ડાહ્યાલાલે કહ્યું, ગાંડાલાલ તમે શું વાંચીને આવ્યા છો? અરે આપણે કેટલા વખતથી બોલ્યા જ કરીએ છીએ PCR મેથર્ડ સારી, બહુ સારી એટલે PCR એટલે તો ખબર છે 'પોલીમરેઝ ચેઈન રિએક્શન', પણ એમાં થાય શું ?? અને બીજી બધી લેબોરેટરી કરતા મોલેક્યુલર ટેસ્ટીંગ લેબોરેટરી વધારે સેન્સીટીવ કહેવાય. સામાન્ય રીતે અત્યારે RT-PCR એટલે કોવિડનો ટેસ્ટ. એવું દરેકના મનમાં ચોટી ગયું છે. પણ ગાંડાલાલ એવું નથી. RT-PCaR મેલેરિયા માટે પણ થાય છે, ચીકનગુનિયા માટે પણ થાય છે, ડેન્ગ્યુ માટે પણ થાય છે.

ગાંડાલાલથી રહેવાયું નહીં... ડાહ્યાલાલ તમને હજી પુરી ખબર નથી. હું તો હજી હાલ જ વાંચીને આવ્યો છું. PCR ટેસ્ટ કોવિડ માટે, મેલેરિયા માટે, ડેન્ગ્યુ માટે, ચીકનગુનિયા માટે તો થાય જ છે એમાં કાંઈ નવાઈ નથી, પણ PCR ટાઈફોઈડ માટે પણ થાય છે, એ ખબર છે તમને ?? વાહ, વાહ ગાંડાલાલ પણ હવે હું બી કહું તમને કે PCR ટી.બી. માટે પણ થાયછે. ટી.બી.ના કેટલા જંતુ રહેલા છે તે પણ TB-PCR થી ખબર પડે. જેને PCR ટેસ્ટ અથવા તો Gene-expert ટેસ્ટ પણ કહે છે. એવી જ રીતે HIV એટલે કે એઈડ્સનો ટેસ્ટ PCR થી વધારે સચોટ થાય છે. જેમાં HIVના વાઈરસનો લોડ શરીરમાં કેટલો છે એ જાણવા મળે છે અને એના ઉપરથી CD4, CD8 કાઉન્ટ કરીને દર્દીની દવા નક્કી થઈ શકે છે. એવી જ રીતે HBsAg એટલે હીપેટાઈટીસ-બી એટલે ઝેરી કમળો આના વાઈરસની માત્ર પણ માપી શકાય. હવે સવાલ એ રહ્યો કે એકઝેટ એવું તો શું છે કે જેનાથી અત્યારે ચાલતી સારી લેબોરેટરી આવું સચોટ નિદાન નથી કરી શકતી ?? ગાંડાલાલ બોલ્યા મને બોલવા દો. જોવો ડાહ્યાભાઈ સાદી લેબોરેટરી પણ સારા રિઝલ્ટ આપી શકે છે. પણ સેન્સીટીવીટી એટલે કે સાદી લેબોરેટરીમાં વપરાતી કીટની તાકાત PCR કરતા ઘણી ઓછી હોય છે. એટલે કે કોઈ પણ રોગની શરુઆતમાં અથવા તો નાનામાં નાનો કણ એટલે કે ફેગમેન્ટ જેને વધારે વખત કોપી કરીને અમુક જ સમયમાં તમને સચોટ નિદાન આપે છે. ડાહ્યાલાલે કહ્યું બરોબર છે. ગાંડાલાલ, પહેલા સ્ટેજમાં આવે સેમ્પલ કલેકશન, બીજા સ્ટેજમાં આવે એક્સ્ટ્રેક્ક્ષન એટલે કે જે મટીરીયલ દર્દીમાંથી લેવાયું છે એમાંથી જીનેટીક મરીટીયલને જુદું પાડવાનું. અને પછી એને PCR ના મશીનમાં જુદા જુદા - જુદા કેમિકલ સાથે ભેળવીને કોપી બનાવાની એની નિર્ધારિત સમય પછી એ જીનેટીક મટીરીયલમાં રહેલા વાઈરસ અથવા બેકેટરીયા એક પ્રકારની લાઈડ (ફ્લોરોસન્ટ રેઈઝ) ઉત્પન્ન કરે છે જેને સ્પેસીફીક લાઈટના બીમ સાથે સરખાવીન C.T.Value (સાયકલ થેશહોલ્ડ વેલ્યુ) નક્કી કરવામાં આવે છે. જેના પરથી રોગની માત્ર ખબર પડે છે. જેમ C.T.Value ઓછી તેમ રોગનું સંક્રમણ વધારે. જેમ C.T.Value વધારે તેમ રોગનું સંક્રમણ ઓછું. એટલે કે C.T.Value વેલ્યુ ૧૨ હોય તો સંક્રમણ વધારે કહેવાય અને C.T.Value ૩૧ હોય તો સંક્રમણ ઓછું કહેવાય.

અલ્યા ભાઈ આ ડેલ્ટા વાઈરસ શું છે નવું પાછું ?? કોવિડમાં પણ પાછો ડેલ્ટા !! અરે ભાઈ હવે મોડું થયું બસ ફરી મળીયે ત્યારે ચર્ચા કરશું.

અષાઢી બીજ અને વસંત - રજબની શહાદતની સ્મૃતિ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સામાન્ય નિયમ અથવા પ્રથા એવી છે કે ભક્તો ભગવાનના દર્શનાર્થે મંદિરમાં જતાં હોય છે. પરંતુ કૃપાળુ દેવ જગન્નાથ વિશેષ કૃપા કરીને પોતાના નગરજનોના ક્ષેમકુશળ પૂછવા માટે જાતે નગરચર્યા માટે નીકળે છે. જગન્નાથ પુરી કે અમદાવાદમાં અનેક વર્ષોથી ભક્તોને ઘેર બેઠા દર્શનનો લહાવો મળે છે. હવે તો અન્ય કેટલાક શહેરોમાં પણ રથયાત્રાની આ પ્રથા ભાવથી શરૂ કરવામાં આવી છે. ભૂતકાળ તરફ નજર દોડાવીએ તો પહેલી જુલાઈ-૧૯૪૬ અને અષાઢી બીજના પાવન પ્રસંગે પણ આ રીતેજ રથયાત્રા રંગે ચંગે નીકળી હતી. પરંતુ તે દિવસે સાબરમતીના શાંત ગંભીર નીરે તેમજ દયાળુ દેવ જગન્નાથે બે બત્રીસ લક્ષણા વીરોને લોકના હીતમાં પોતાનું બલિદાન હસતા મુખે તથા સ્વેચ્છાએ આપતા જોયા. સાબરમતીના નીર તથા ભગવાન જગન્નાથે આ બલિદાનની વ્યથા જરૂર અનુભવી હશે. બે આજીવન મિત્રો – વસંતરાવ તથા રજબઅલી ભાન ભૂલેલા કેટલાક લોકોને સમજાવવા જતા તેમના પર થયેલા નિર્દય હુમલાને કારણે સદાકાળ માટે આ જગત છોડીને ગયા. તેમની શહાદતને બીરદાવવા ગાંધીયુગના સમર્થ કવિ ઝવેરચંદ મેઘાણીની કલમે ચિત્કાર કર્યો.

વીરાં ! તેં તો રંગ રાખ્યો,
પ્રથમ વખત તે મુક્તિનો સ્વાદ ચાખ્યો
બી ના, બી ના, પુકારી
નિજ બંધુજનને ભવ્ય પૈગામ ભાખ્યો.
તે સાધ્યું કંઈએ ના !
કહી કદી અધૂરા આપશે ક્રૂર મેણું,
કે જે પ્રત્યુત્તર કે..
અભય બની પ્રજા : લૈશ હું સર્વ લેણુ.

લોક વચ્ચે જઈને તેમને શાંત તથા નિર્ભય બનાવવાનું કામ કલકત્તા તથા નોઆખલીમાં જઈ ૧૯૪૭માં ગાંધીજીએ કર્યું હતું. આજ કામ ૧૯૪૬માં અમદાવાદમાં કરીને શહીદી વહોરનાર આ બન્ને હોનહાર મિત્રોએ હસતા મુખે તેમજ સમજપૂર્વક કાર્ય કરતા કરતા સર્વોચ્ચ બલિદાન આપ્યું.

એક માનવીનું બીજા માનવી તરફના ધિક્કારનું આ વલણ સમગ્ર જગત માટે એક વિકરાળ સમસ્યા અગાઉ પણ હતી તથા આજે પણ છે. મૂળથી ઉખડેલા અનેક લોકો વિશ્વના અનેક ભાગોમાં ભૂતાવળની જેમ ભટક્યા કરે છે. ભૂખ, ભય કે તીરસ્કારના કારણે હીજરત કરતા આવા અનેક લોકોને જે સહન કરવાનું આવે છે તેની કથા આપણા ઈતિહાસનો બીહામણો છતાં વાસ્તવિક ચહેરો છે. માનવ માનવ વચ્ચેના સંઘર્ષને કારણે અનેક લોકો રોજી – રોટી તથા નાની મોટી મિલકતો વીના વાંકે ગુમાવે છે. આપણી એ મર્યાદા રહી છે કે આપણે અનેક વખત લોકના બે વર્ગ વચ્ચેનો સુમેળ સાચવી કે ટકાવી શક્યા નથી. અબ્રાહમ લીંકન કે મહાત્મા ગાંધી જેવા અનેક દિગ્ગજોએ લોક વચ્ચેની ખાઈ પૂરવા પોતાની કાયાનું ખાતર રેડ્યું છે. દર્શકે લખ્યું કે વસંતરાવ દાદા તેમજ રજબઅલીના બલિદાનોએ ગુજરાતનું મોં ઊજળું કર્યું છે. દર્શક દાદા લખે છે કે આ બન્ને વીરોને કહેવા કરતા કરી દેખાડવાની જ આદત હતી. કહેણીને નહિ પણ કરણીને વરેલા આ વીર હતા. આ માર્ગે જનારાને આકરી કસોટીનો ખ્યાલ હોવા છતાં તેઓ જંપલાવતા હોય છે. આવા લોકો વિરલ હોય છે.

વસંતરાવ દાદા અનેક લોકોના વિસામા સમાન હતા. બહોળુ મિત્રમંડળ, અનેક પ્રકારના કામ તેમજ ઘણાં વિષયોમાં રસ લેવાનો તેમનો સ્વભાવ હતો. સ્વતંત્ર ભારતની પ્રથમ લોકસભાના સ્પીકર ગણેશ વાસુદેવ માવળંકર વસંતરાવની વિદાય પછી વ્યથા પ્રગટ કરતા કહે છે કે વસંતરાવ 'ગયાલ્લ એ વાત ગળે ઉતરથી નથી. "મારા શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી એમનું દર્શન હું હમેશા કરતો રહેવાનો છું્લ્લલ્લ ભદ્રના અખાડાના આ અખાડીયનને પ્રતિકાર કરવાની શક્તિ હોવા છતાં ગાંધી માર્ગે ચાલીને વીરની અહિંસાનું ઉજળુ દર્શન કરાવ્યું. વસંતરાવના દાદીમા તેમને 'મારો સાધુલ્લ કહેતા. વસંતરાવ સાધુત્વને ઉજાળનાર હતા. તેમના બહેન હેમલતા હેગીષ્ટે એ લખ્યું છે કે બપોરે સાથે ભોજન કર્યું અને બપોરના દાદા તથા રજબભાઈ સાથે બહાર નીકળ્યા. અષાઢી બીજનો (૧૯૪૬) દિવસ હતો. ગયા પછી બહેનને બન્ને વહાલા ભાઈઓનું દર્શન હોસ્પિટલમાંજ છેલ્લા શ્વાસ છોડતાં થયું.

રજબઅલીનું પણ એવુંજ સોહામણું વ્યક્તિત્વ હતું. કરાંચી – લીંબડી તથા ભાવનગરમાં જીવનના મહત્વના વર્ષો ગયા. રજબઅલી સ્વભાવે ઉગ્ર છતાં ધીરે ધીરે મહાત્મા ગાંધીનાશાંત તથા અહિંસક પ્રયોગો તરફ તેમનું મન ઢળવા લાગ્યું. રાજકોટ સત્યાગ્રહ (૧૯૩૯)ના પ્રકરણમાં મહાત્માની નિરાશાના ભાવ જોઈને તેઓ અકળાયા. તેઓ કહેતા : "બાપુની અહિંસા. જગત એ રસ્તે નહિ ચાલે ? આ ડોસો જશે અને તેની સાથેજ તેનું ભવ્ય સ્વપ્ન પણ જશે ? આ મહામાનવની પાછળ આવો પ્રયત્ન ચાલુ રાખનાર કોઈ નહિ જાગે ? વેરઝેર તથા ભય હેઠળ જીવતા લોકોને તેમાંથી બહાર લાવવાનું કોને ખબર ક્યારે થશે ?"

બન્ને મિત્રો – વસંતરાવ તથા રજબઅલીની મૈત્રી અનન્ય હતી. ધ્યેય સમાન હતા. હેમલતાબહેન લખે છે કે રજબભાઈ રમતિયાળ તથા હસમુખા હતા. ઘરમાં તેઓ આવે ત્યાંજ ઘરનું વાતાવરણ વિશેષ જીવંત થઈ થતું હતું. "અમારા ઘરના બે સ્વજનો અમે એકજ દિવસે, એકજ સાથે ગુમાવ્યા ત્યારે અંતર વલોવાઈ ગયુંલ્લલ્લ દાદાના બહેને તેમ લખ્યું છે તે યથાર્થ છે.

સમર્થ સર્જક ઝવેરચંદ મેઘાણી વસંત-રજબ સ્મારક ગ્રંથ જીવનની ઢળતી સંધ્યાએ તબીયતની પરવા કર્યા સિવાય લખી શક્યા તે આપણું સદ્‌ભાગ્ય છે. આ બન્ને વીરોની કથા લખવા, વાંચવા અને અનુસરવા યોગ્ય છે. ૨૦૧૫માં મૂળ પુસ્તકની સંવર્ધિત આવૃત્તિ થઈ. અમદાવાદ શહેર પોલીસ તેમજ ડૉ. રિઝવાન કાદરી તે માટે આપણાં અભિનંદનના અધિકારી છે. 'વસંત-રજબલ્લ મેમોરિયલ એ અમદાવાદ શહેરની શોભા બની રહેશે.

ફરી એક વખત પુખ્ત લોકશાહી દેશના નાગરિકો તરીકે આપણે લોકોના બે જૂથ વચ્ચેના સંઘર્ષો અટકાવવા માટે જાગૃતિ કેળવવી પડશે. માત્ર કાયદાના બળે આ પુરાતન બદીનો ઉચ્છેદ થઈ શકે તેમ લાગતું નથી. વસંત-રજબના જીવનનો તથા કુરબાનીનો આજ સંદેશ છે.

કામ જેને શોધતું આવે છે એવા લોકો...

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

'વર્કહોલિક' હોવા માટેનું કોઈ ટોનિક હશે ? ઘણા માણસોને જોઈએ તો આવું પૂછવાનું મન થાય. આપણી આસપાસ એવી અનેક વ્યકિતઓ પણ જોવા મળતી હોય છે જેમને સતત કામ કરતા જોઈ આપણને અચંબો થતો હોય છે..એમને બેસી રહેવું ગમે જ નહી.. કામ એમને શોધતું આવે. પ્રવૃત્તિઓ એમને ઘેરી વળે. ગુજરાતીમાં આવા લોકોને કામગરા કે કામઢા કહેવાય છે.

એક શહેરમાં એક સાથે જ આવેલા બે વેપારી મિત્રોને હું ઓળખું છું..બંનેએ નવી જગ્યાએ ધંધાની શરૂઆત લગભગ એકસાથે કરેલી..પહેલો માનવા માંડ્યો કે આ નગરમાં ધંધા માટેનો કોઈ અવકાશ નથી. એણે ધીમેધીમે કામને ટાળવા માંડ્યું..અંતે એકાદ બે વર્ષે ધંધો આટોપી આમતેમ ફાંફાં મારવા માંડ્યાં . દરેક નવી જગ્યાએ એ મહેનત કરવાને બદલે ત્યાં શું નથી એ જોવામાં જ સતત નિષ્ફળ થતો રહ્યો. હવે બીજો માણસ કે જેની પાસે શકિતઓ અને આવડત પ્રમાણમાં પેલા માણસની તુલનામાં ઘણી ઓછી હતી..પણ એ પ્રથમ દિવસથી જ જે રીતે કામ મળ્યું એમાં સખત મજુરી કરવા માંડયો..આજે એક દાયકા પછી એ શહેરનો સૌથી વધારે વ્યસ્ત વેપારી છે..આ ઘટના એ વાતની સાહેદી છે કે કામ ક્યાંય આપણી રાહ જોઈને બેસી રહેતું નથી..આપણે જ એને શોધીને ગળે વળગાડવાનું હોય છે..કહેવાય છે ને કે જિંદગી એ ફુલોની પથારી નથી. માણસે એને પરિશ્રમ થકી પલ્લવિત કરવાની હોય છે.

કામની બાબતમાં અભિગમો પણ જોવા જેવા હોય છે. ઘણીવાર આપણે વાતવાતમાં કહીએ છીએ કે 'હમણાં તો ટાઈમ જ મળતો નથી' પંરતુ બીજીતરફ સોશ્યલ મીડિયા અને અન્યત્ર જોઈએ તો માણસો પુષ્કળ સમય વેડફતા લાગે..આવો વિરોધાભાસ એ આજના જમાનાની દેન છે... વાસ્તવિકતા એ છે કે ખરેખર સાચું કામ કોને કહેવાય એ જ આપણને ખબર હોતી નથી.

જે સતત કાર્યશીલ રહે છે એના ચહેરા ઉપર એક ગજબની આભા ઉપસતી હોય છે.એવું પણ નથી કે એ કોઈ જાણીતા વ્યવસાયની વ્યકિત હોય..ઘણીવાર આપણે જેને સામાન્ય પ્રકારનું કામ ગણતા હોઈએ એમાં પણ પ્રાણ પુરી નામ રોશન કરનારા જોવા મળતા હોય છે...એની સામે ગમે તેવું ઉત્તમ કામ સોંપ્યું હોય પણ એમાં આળસની ખેતી કરનાર એને ઉક્કડ બનાવી દેતા હોય છે..તમને મળતા સંજોગો કે સગવડો સફળતા માટે મહત્વના નથી પણ મળેલી તકને તમે કેટલી મહત્વની સમજો છો એના ઉપર માણસની કાબેલિયત મપાતી હોય છે..મનગમતો કારોબાર કરનાર જ હંમેશાં થનગનતો માણસ પુરવાર થતો હોય છે

આપણે મુળભુત રીતે પ્રમાદી હોઈએ છીએ.. આળસ અને દંભ એ એનાં આગવાં લક્ષણો છે. કહેવાય છે કે જાપાનના લોકો ખુબ કામગરા હોય છે. એમને નિરાંતે બેસવું ગમે જ નહી... કામ માટેની એમની નિષ્ઠા એટલી હદ સુધીની હોય છે કે ત્યાં માણસોને ફરજિયાત રજા ભોગવવા આદેશો કરવા પડે છે... આપણે ત્યાં કરવા જેવાં અનેક કામો છે તોયે લોકો કહે છે કામ જ નથી..જે દેશો આજે પ્રગતિશીલ છે એ દેશના નાગરિકો કામને જ આરાધના ગણે છે..તમે એક કામ નિષ્ઠાપૂર્વક કરો તો એની પાછળ અનેક ઉપયોગી કામો આપોઆપ તમને મળી જતાં હોય છે.. પ્રથમ તકને જો આપણે નકામી ગણી બેસી રહીએ તો એક અજાયબ શકયતાના દરવાજા કાયમ માટે ઉઘડતા જ નથી.

એક મોટા તજજ્ઞને વર્ષો પહેલાં મારે મળવાનું થતું. એ સવારથી સાંજ અવિરતપણે કામ કરતા.એમની ઉંમર એ વખતે એંશી આસપાસ..એમને સવારે જુઓ અને જે સ્ફુર્તિ લાગે એટલી જ તાજગી સાંજે પણ દેખાય..

'તમે આરામ નથી કરતા?'
એવો પ્રશ્ન મેં એમને કરેલો..
ત્યારે સસ્મિત એમણે કહેલું કે
'હું આરામ કરીશ તો વહેલો મરી જઈશ'

ખરેખર જે માણસ સતત કાર્યશીલ હોય છે એ ઉત્સાહના ફુવારા જેવો હોય છે..કાર્યશીલ વ્યકિતના ચહેરા ઉપર ગજબ આભા પ્રગટતી હોય છે..આપણે એવું માનીએ છીએ કે પરિશ્રમ કરવાથી થાકી જવાય છે પણ હકિકત એ છે કે સારી રીતે કરેલા કામમાં અનોખી ઉર્જા પડેલી હોય છે..કામ કરનાર હંમેશાં ઉત્સાહના ફુવારા જેવો લાગતો હોય છે.

જાણીતા દાનવીર દીપચંદ ગાર્ડી નેવું વરસે પણ સતત સેવાકામોમાં વ્યસ્ત અને ચુસ્ત રહેતા..એમની ફીટનેસ જબરજસ્ત હતી..સાહિત્ય અને જાહેરજીવનમાં તો આવા ઘણા માણસો જોવા મળે છે..મૂકસેવક એવા રવિશંકર મહારાજ રોજ પચ્ચીસ ત્રીસ કિલોમીટર લોકશિક્ષણ માટે ચાલતા..પાશેર કોરી ખીચડી જાતે રાંધીને ખાતા...ચાર પાંચ કલાક જ ઉંઘતા..એ રીતે લોકકલ્યાણમાં મગ્ન રહેતા..એ સો વરસ જીવ્યા..ભાગ્યે જ બિમાર પડતા..તંદુરસ્તીની સાથે એમની મનદુરસ્તી પણ પ્રેરણાદાયક હતી.

ગુજરાત જેને અહોભાવથી યાદ કરે છે એ મહાન દાર્શનિક કે.કા.શાસ્ત્રી એક ભવમાં આટલું બધું કઈ રીતે લખી શકયા હશે ? નવાઈ લાગે..ઉંમરના નવ દાયકા સુધી ગુજરાતી વિશ્વકોશનું કામ ચીવટપૂર્વક કરનાર ધીરૂભાઈ ઠાકર એક એવા સાક્ષર હતા જેને જોઈ કામ માટેની તાલાવેલી શું કહેવાય એ આપોઆપ આપણને સમજાઈ જાય ..ગાંધીજીની એકેએક પળ જાહેર કામો માટે વ્યસ્ત રહેતી..એ સાથે કેટલી મુલાકાતો..લખાણો..જાહેરસભાઓ..અને તોય સતત હસતું વદન..મનમોહક સ્મિત ! ઉર્જાનો પુંજ લાગે.. એ આખા જીવનમાં કેટલું ઉંઘ્યા હશે? પરિવાર સાથે નિરાંતની પળો માણી હશે ? આ બધા મહાપુરુષોના જીવનમાંથી એટલું ચોકકસ તારવી શકાય કે માણસે જો કામ કરવું હોય તો જગતમાં ઘણું કામ કરવાનું બાકી છે..કામ આપણને દેખાતું નથી..અથવા આપણી આળસ એમાં આડી પાળ બની ઉભી રહી જતી હોય છે.

જે માણસ ઉદ્યમી હોય છે એ સહુને ગમી જાય છે. એની હાજરી માત્રથી વાતાવરણ જીવંત બની જાય છે. માણસને કેટલાંક કામ ફરજિયાત કરવાં પડે છે. એમાં પસંદગી મળતી નથી. જો એ દિલથી કરે તો પ્રવૃત્તિ દીપી ઉઠે. નહીંતર એ વેઠ કે વૈતરું બની જાય.કેટલાક માણસો મનગમતું કામ શોધી લે છે... એ વ્યવસાય હોય કે શોખ..એ માટે સરસ સગવડો આરામદાયક નોકરી કે મોંટા શહેરો પણ છોડી દે છે..આ રીતે દિલથી સ્વીકારેલું કામ માણસને ગૌરવશાળી બનાવે છે. સમાજને કંઈક આગવું આપી જાય છે..

'નવચેતન' ના તંત્રી મુકુંદ પી. શાહ વૃધ્ધ